# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org


ક્રમાંક:મા-૬/ફાયર/NOC/૨૦૨૪/ 5059

તા.૧૨/૦૫/૨૦૨૫

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ-સુરત.

વિષય : PIL No.34/2024 With PIL NO.118/2020 અન્વયે શાળાઓમાં ફાયર એન.ઓ.સી. બાબતે અત્રેની કચેરીના તાબા હેઠળની નોન ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં FIRE NOC મેળવવા બાબત.

સંદર્ભ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૦૯/૦૫/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૫૧૫૯-૯૭

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ PIL No.34/2024 With PIL NO.118/2020 સંદર્ભે શાળાઓમાં FIRE NOC મેળવવા બાબતની કામગીરી સત્વરે પૂર્ણ કરવાના આદેશ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના જિલ્લાની તમામ નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને FIRE NOC મેળવવા/રીન્યુઅલ કરવા માટે અરજી ના કરેલ હોય તેવી તમામ શાળાઓને FIRE NOC મેળવવા/રીન્યુઅલ કરી તેની નકલ તેમજ ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલ કરી તેની માહિતી અત્રેની કચેરીને રજૂ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

બિડાણ: સંદર્ભિત પત્રની નકલ

ક્રમાંક: મઉમશબ/શાનિ/5159-6397
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર મધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર તા. 9-5-25

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય:- PIL NO.34/2024 With PIL NO.118/2020 અન્વયે શાળાઓમાં ફાયર એન.ઓ.સી બાબતે આપના તાબા હેઠળની નોન ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં FIRE NOC મેળવવા બાબત.

સંદર્ભ:- ૧) શિક્ષણ વિભાગનો પત્રક્રમાક:- મશબ/૧૦૨૪/૧૪૧/છ તા. ૧૫/૧૦/૨૦૨૪
૨) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી:- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૫/૧૦૭૫-૭૮

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે PIL NO.34/2024 With PIL NO.118/2020 અન્વયે રાજ્યની તમામ નોન ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં FIRE NOC મેળવવા બાબતે નીચેની વિગતે કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવાની થાય છે.

- આપના દ્વારા પત્રક-અ માં આપેલ માહિતી મુજબ જે શાળાઓએ fire noc મેળવવા માટે હજી સુધી કોઇ જ કાર્યવાહી કરેલ નથી તે બાબતે સઘન કાર્યવાહી કરી તમામ શાળાઓમાં FIRE NOC મેળવવા માટે અરજીની પ્રક્રિયા થાય તે બાબત સુનિશ્ચિત કરીને અધત્તન વિગતો જણાવવી.
- આપના દ્વારા રજૂ થયેલ પત્રક-બ માં આપના જિલ્લાની શાળાઓમાં તાલીમ ન મેળવેલ કર્મચારીઓની વિગત રજૂ કરવામાં આવેલ છે તે તમામ કર્મચારીઓ તાલીમ મેળવી લે તે સુનિશ્ચિત કરીને અધત્તન વિગતો જણાવવી.
- આપના દ્વારા રજૂ થયેલ પત્રક-ક માં જે શાળાઓમાં મોકડ્રીલનું આયોજન થાય તે સુનિશ્ચિત કરીને અધત્તન વિગતો જણાવવી.

બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં FIRE NOC મેળવવા/ રીન્યુઅલ કરવા માટે અરજી ના કરેલ હોય તેવી તમામ શાળાઓની અરજી સત્વરે થઇ જાય તેમજ FIRE NOC મેળવવાની કામગીરી નવા શૈક્ષણિક સત્ર શરૂ થાય તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવા તથા સંબંધિતોને જરૂરી સૂચનાઓ આપવા જણાવવામાં આવે છે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર-૨

(આર.આર.વ્યાસ )
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

૧. માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. માન.અધ્યક્ષશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
૩. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં ૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
૪. માન.નાયબ.અધ્યક્ષશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

E:Dletter.docx